**National Testing Agency, New Delhi દ્વારા લેવામાં આવનાર JEE (main) તથા NEET (UG) પરીક્ષાના સુચારુ આયોજન માટેરાજ્ય સરકાર દ્વારા ગોઠવાયેલ વ્યવસ્થાતંત્રની માન. મંત્રીશ્રી (શિક્ષણ) શ્રી ભુપેંદ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવેલ સમીક્ષા બાબતે પ્રેસ નોટ**

**તા.૩૧/૦૮/૨૦૨૦**

---

- આજ રોજ માન. મંત્રીશ્રી (શિક્ષણ) શ્રી ભુપેંદ્રસિંહ ચુડાસમા દ્વારા રાજ્યના ૧૫ જેટલા જિલ્લાના જિલ્લા કલેક્ટરશ્રીઓ સાથે વેબીનારના માધ્યમથી મીટીંગ કરેલ. જેમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ઇજનેરી, ફાર્મસી, મેડિકલ, આયુર્વેદિક, હોમીયોપેથીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય કક્ષાની પ્રવેશ પરીક્ષા (**Common Entrance Test) National Testing Agency (NTA), New Delhi** દ્વારા લેવામાં આવનાર છે તેના અનુસંધાનમાં રાજ્યના વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવાની તૈયારીઓ બાબતે અને સમગ્ર પરીક્ષા **Covid-19**ની મહામારીની પરિસ્થિતિમાં તથા વધુ વરસાદના સંજોગોમાં સારી રીતે પરિપૂર્ણ થાય તે માટે વહીવટીતંત્રને કાળજીપૂર્વક કામગીરી કરવા બાબતે માર્ગદર્શન આપેલ.
- ઇજનેરી અને ફાર્મસીમાં પ્રવેશ માટે **JEE (Main)** તા.૦૧/૦૯/૨૦૨૦ થી ૦૬/૦૯/૨૦૨૦ દરમ્યાન તથા મેડિકલ સંલગ્ન અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે **NEET (UG)** તા.૧૩/૦૯/૨૦૨૦ ના રોજ યોજાવાની છે.જેમાં **JEE (Main)** પરીક્ષા ૧૩ જિલ્લાઓના કુલ ૩૨ કેંદ્રો ખાતે લેવાનાર છે જેમાં પેપર-૧માં ૩૫,૧૯૮ તથા પેપર-૨માં ૧૮ કેન્દ્રો ખાતે ૨,૯૬૯ વિદ્યાર્થીઓ એમ કુલ ૩૮,૧૬૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જ્યારે **NEET (UG)**ની પરીક્ષા૧૦ જિલ્લાઓના કુલ ૨૧૪ કેંદ્રો ખાતે લેવાનાર છે. જેમાં ૮૦,૨૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.
- આ માટે કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા આ પરીક્ષાઓ સુચારુ રીતે ગોઠવાય તે માટે રાજ્ય સરકારને જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવા નિર્દેશ આપેલ છે. જે અનુસાર રાજ્યના કુલ ૧૫ જિલ્લાઓમાં યોજાનાર આ બંન્ને પરીક્ષાઓ માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવાય તે રાજ્ય સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવેલ છે. આ પરીક્ષાઓ જ્યાં યોજાવાની છે તે ૧૫ જિલ્લાઓના સંબંધિત તમામ કલેક્ટરશ્રીઓને કેંદ્ર સરકારના **Ministry of Human Resource Development** દ્વારા તા.૬ જુલાઇ, ૨૦૨૦ના રોજ જારી કરાયેલ **Standard Operating Procedure (SOP)** ની વિગતો અનુસાર અચૂક કાર્યવાહી થાય તે માટે માન. મંત્રીશ્રી (શિક્ષણ) દ્વારા અનુરોધ કરાયેલ છે અને આ પરીક્ષાઓ યોજવા અંગે વિદ્યાર્થીઓ તથા વાલીઓને તકલીફ ન પડે તે અનુસાર વ્યવસ્થાતંત્ર ગોઠવવા માન. શિક્ષણમંત્રીશ્રી દ્વારા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને પરીક્ષાસ્થળો અને પરીક્ષાખંડો સેનેટાઈજ થાય, પરીક્ષાસ્થળો ઉપર વિદ્યાર્થીઓને પ્રવેશ અને નિકાસ દરમિયાન સામાજિક અંતર જળવાય, પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થામાં પણ યોગ્ય અંતર જળવાય અને કોઈપણ જાતની ભીડભાડ ન થાય, પરીક્ષાસ્થળો ઉપર વિદ્યાર્થીઓને

જો જરૂર હોય તો વધારાના માસ્ક મળી રહે અને થર્મલ ગન વડે પરીક્ષાકેન્દ્રમાં પ્રવેશનાર તમામ વિદ્યાર્થીઓના શરીરનું તાપમાનમાપીને પ્રવેશ આપવામાં આવે તથા વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થાનું સેનેટાઈજેશન થાય. તદઉપરાંત સેશન પુરૂં થાય ત્યારબાદ તરત જ બેઠક વ્યવસ્થાનું સેનીટાઈઝેશન થાય તે પ્રકારે તમામ વ્યવસ્થાઓ ઉભી થાય તે સુનિશ્ચિત કરવા માન. મંત્રીશ્રી ( શિક્ષણ)એ જણાવેલ છે. વીજ કંપનીઓ , એસ.ટી. તથા આરોગ્યતંત્ર અને મ્યુનિ. કોર્પોરેશન તથા મ્યુનિસિપાલિટીઓ સાથે પણ સંકલન કરવા માન.મંત્રીશ્રીએ જણાવ્યું હતું. પરીક્ષા કેન્દ્રો પર કાયદો વ્યવસ્થા જળવાય તે માટે જિલ્લા પોલીસ તંત્ર સાથે સંકલન કેળવી પરીક્ષાસ્થળ ઉપર બિનજરૂરી ભીડ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેની કાળજી લેવા પણ માન. મંત્રીશ્રી (શિક્ષણ)એ સુચના આપેલ છે.

- આ વેબીનારમાં માન.રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી શ્રીમતી વિભાવરીબેન દવે, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી અંજુ શર્મા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષશ્રી એ. જે. શાહ તથા શિક્ષણ વિભાગના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

| Sr | Districts | JEE (Main) Centers | NEET Centers |
|---|---|---|---|
| 1 | Ahmedabad | 3 | 39 |
| 2 | Anand | 2 | 7 |
| 3 | Bhavnagar | 1 | 14 |
| 4 | Gandhinagar | 1 | 20 |
| 5 | Sabarkantha (Himatnagar) | 1 | -- |
| 6 | Jamnagar | 3 | -- |
| 7 | Junagadh | 1 | -- |
| 8 | Mehsana | 2 | -- |
| 9 | Navsari | 1 | -- |
| 10 | Panchmahals | -- | 7 |
| 11 | Patan | -- | 18 |
| 12 | Rajkot | 4 | 39 |
| 13 | Surat | 6 | 38 |
| 14 | Vadodara | 3 | 20 |
| 15 | Valsad | 4 | 12 |
| | **Total** | **32** | **214** |